# આનંદનો ગરબો

(ભાવાર્થ સાથે)

**આઈ આજ મુને આનંદ, વાધ્યો અતિ ઘણો મા,**
**ગાવા ગરબા છંદ, બહુચર માત તણો મા. ૧**

હે બહુચર મા ! આ તમારો ગરબો ગાતાં મને ઘણો જ આનંદ ઉદ્ભવ્યો છે.

**અલવે આળ પંપાળ, અપેક્ષા આણી મા,**
**છો ઈચ્છા પ્રતિપાળ, દ્યો અમૃત વાણી મા. ૨**

અનેક મુશ્કેલીઓ હોવા છતાં તું ઈચ્છા પૂર્ણ કરનારી છે. માટે મારા પ્રત્યે લાગણી રાખી મને અવિચળ વાણી આપો.

**સ્વર્ગ મૃત્યુ પાતાળ, વાસ સકળ તાહરો મા,**
**બાળ કરી સંભાળ, કર ઝાલો મારો મા. ૩**

હે મા ! તમે ત્રણે લોકમાં વ્યાપી રહેલા છો. તેથી આ બાળકની સંભાળ રાખી મારો હાથ પકડો.

**તોતળા મુખ તન, તો તો તોય કહે મા,**
**અર્ભક માગે અન્ન, નિજ માતા મન લહે મા. ૪**

હે મા ! મારી જીભ તોતડા અને કાલાઘેલા શબ્દો ગમે તેમ બોલે છતાં તું સમજી લે કે બાળક અન્ન માગે છે.

**નહિ સવ્ય અપસવ્ય કહીં કાયે જાણું મા,**
**કવિ કહાવા કાવ્ય, મન મિથ્યા આણું મા. ૫**

હે મા ! અવળું કે સવળું કંઈ જાણતો નથી છતાં કવિ કહેવડાવવા માટે મિથ્યાભિમાન રાખ્યા વગર આ ગરબો ગાઉં છું.

કુલજ કુપાત્ર કુશીલ, કર્મ અકર્મ ભર્યો મા,
મૂરખ મન વહે મીન, રસ રટવા વિચર્યો મા. ૬

હે મા ! લજ્જા, પાત્રતા, ચારિત્ર્ય વગરનો કર્મ વગરનો અને અકર્મથી ભરેલો તેમજ મહા મૂર્ખ હોવા છતાં તારા ગુણ ગાવા પ્રેરાયો છું.

મૂઢ પ્રમાણે મત્ય, મન મિથ્યા માપી મા,
કોણ લહે ઉત્પત્ય વિશ્વ રહ્યા વ્યાપી મા. ૭

હે મા ! મૂઢ એવો હું મારી બુદ્ધિ પ્રમાણે તને પાર પામી શકું તેમ નથી. બ્રહ્માંડમાં વ્યાપ્ત થઈને રહેલાં તમારી ઉત્પતિ કોણ જાણી શકે ?

પરાક્રમ પ્રૌઢ પ્રચંડ, પ્રબળ ન પળ પીછું મા,
પુરણ પ્રગટ અખંડ, અજ્ઞ થકો ઈચ્છુ મા. ૮

હે મા ! આપ પ્રૌઢ, ઉગ્ર અને પ્રબળ શક્તિમાન છો. તેથી હું જરાપણ કળી શકું તેમ નથી. આપ પણ પૂર્ણ પ્રગટ અને અખંડ છો છતાં મૂર્ખ એવો હું આપને પામવાની ઈચ્છા કરું છું.

અર્ણવ ઓછે પાત્ર, અકલ કરી આણું મા,
પામું નહિ પળ માત્ર, મન જાણું નાણું મા. ૯

હે મા ! મહાસાગર જેટલા આપના ગુણો નાનકડા પાત્રમાં ભરવાનું કાર્ય એક પળ પણ હું કલ્પી શકું તેમ નથી તે હું જાણું છું.

રસના યુગ્મ હજાર, તે રટતા હાર્યો મા,
ઈશે અંશ લગાર, લઈ મન્મથ માર્યો મા. ૧૦

હે મા ! હજાર જીભવાળો (એક હજાર ફણાવાળો) શેષનાગ પણ આપના ગુણગાન ગાતાં હારી ગયો. આપ શિવમાં પાર્વતી સ્વરૂપે વસેલાં હોવાથી તેમણે આપની શક્તિથી જ કામદેવને બાળ્યો છે.

મારકંડ મુનિરાય, મુખ મહાત્મ્ય ભાખ્યું મા,
જૈમિનિ ઋષિ જેવાય, ઉર અંતર રાખ્યું મા. ૧૧

હે મા ! મારકંડ મુનિએ આપનો મહિમા દેવી ભાગવતમાં ગાયેલો છે. જૈમિનિ ઋષિએ તેમની પાસેથી સાંભળી હૃદયમાં ધારણ કરેલું છે.

અણગણ ગુણ ગતિ ગોત, ખેલ ખરો ન્યારો મા,
માત જગતી જ્યોત, જળહળતો પારો મા. ૧૨

હે મા ! આપના ગુણ અગણિત છે. બ્રહ્માંડના સર્જન રૂપે આપની ગતિ-કૃતિ અનોખા ખેલ જેવી છે. આપ ઝળહળતા પારા જેવા પ્રજ્વલિત જ્યોતિ સ્વરૂપ છો.

જશ તૃણવત્ ગુણ ગાથ, કહું ઉંડળ ગુંડળ મા,
ભરવા બુધ્ધિ બે હાથ, ઓધામાં ઉંડળ મા. ૧૩

હે મા ! અલ્પ જશવાળો હું તારા ગુણ સમૂહને અવળા-સવળા ગાઉં છું. આ મારું કાર્ય મોટા ઢગલાને બે હાથ વડે ભરવા જેવું છે.

પાગ નમાવી શીશ, કહું ઘેલું ગાંડુ મા,
માત ન ધરશો રીસ છો ખુલ્લું ખાંડુ મા. ૧૪

હે મા ! તારા ચરણકમળમાં મસ્તક નમાવી હું જે કાંઈ ગાંડુ-ઘેલું ગાઉં તે ભલે છંદ વગરનું હોય તો પણ આપ મારા ઉપર રીસ ન ધરશો.

## • શક્તિ ઉત્પત્તિનું વર્ણન •

આદ્ય નિરંજન એક, અલખ અકળ રાણી મા,
તુજથી અવર અનેક, વિસ્તરતા જાણી મા. ૧૫

હે મા ! સૃષ્ટિના પ્રારંભકાળથી જ તું એક જ મહાશક્તિ છે. પછી તમારાથી અનેક શક્તિઓ વિસ્તાર પામી છે.

**શક્તિ સરજવા શ્રેષ્ઠ, સહેજ સ્વભાવ સ્વલ્પ મા,**
**કિંચિત કરૂણા દ્રષ્ટ, કત કત કોટિ કલ્પ મા. ૧૬**

હે મા ! જગતની રચના કરવી એ આપના માટે સહજ છે. આપની કરૂણા દ્રષ્ટિથી કોટિ કલ્પોની રચના થઈ છે.

**માતંગી મન મુક્ત, રમવા મન કીધું મા,**
**જોવા જુક્ત અજુક્ત, રચિયા ચૌદ ભુવન મા. ૧૭**

હે મા ! આપે મુક્ત મને સૃષ્ટિ સર્જન રૂપે રમત રમવા વિચાર્યું અને ધર્મ અધર્મ જોવા માટે ચૌદ લોકનું ચંદ્રાદિકનું સર્જન કર્યું. (ભૂ, ભૂવ, સ્વર્ગ, મહ, જન, તપ, સત્ય, અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, પાતાળ) આ પ્રમાણે ચૌદ લોક સરજયા છે.

**નીર ગગન ભૂતેજ, સેજ કરી નિરમ્યા મા,**
**મારૂત વસ જે જે, ભાંડ કરી ભરમ્યા મા. ૧૮**

હે મા ! આપે પ્રથમ પાંચ મહાભૂત (વાયુ, આકાશ, જળ, અગ્નિ, પૃથ્વી) નું સ્નેહથી નિર્માણ કર્યું પછી તે પંચમહાભૂતાત્મક સૃષ્ટિનું સર્જન કર્યું.

**તત્ક્ષણ તનથી દેહ, ત્રણ કરી પેદા મા,**
**ભવકૃત કરતા જેહ, સરજે પાળે છેદા મા. ૧૯**

હે મા ! પંચ મહાભૂતોના સર્જન પછી તમે પોતાના દેહથી જ ત્રણ શરીરની ત્રિપુટી (બ્રહ્મા, વિષ્ણુ, મહેશ) પ્રગટ કર્યા કે જે સૃષ્ટિના સર્જન પાલન સંહારના કાર્યો દ્વારા સૃષ્ટિને નિયમનમાં રાખે છે.

**પ્રથમ કર્યો ઉચ્ચાર, વેદ ચાર વાચક મા,**
**ધર્મ સમસ્ત પ્રકાર, ભૂ ભણવા લાયક મા. ૨૦**

હે મા ! આપે સર્વ પ્રથમ બ્રહ્માને વાણી શક્તિ દ્વારા ચાર વેદના ઉચ્ચાર અને ગાવા લાયક બનાવ્યા. (કાવ્યરૂપે) જેથી આ પૃથ્વી ઉપર સમસ્ત ધર્મનું પાલન થાય.

**પ્રગટિ પંચ મહાભૂત, અવર સર્વ જે કો મા,**
**શક્તિ સર્વ સંયુક્ત, શક્તિ વિના નહિ કો મા. ૨૧**

હે મા ! પંચ મહાભૂતોમાંથી સર્વ શક્તિઓ પ્રગટિ જે સર્વશક્તિઓનો સમૂદાય આપના વિના વ્યર્થ છે.

**મૂળ મહીં મંડાણ, મહા માહેશ્વરી મા,**
**યુગ સચરાચર જાણ, જય વિશ્વેશ્વરી, મા. ૨૨**

હે માહેશ્વરીમા ! જગતનું મૂળ મંડાણ (રચના) આપનાથી જ છે. હે વિશ્વેશ્વરીમા ! સચરાચર જગતની સર્વ શક્તિઓનું ઉદ્‌ભવ સ્થાન તું જ છે.

**જળ મધ્યે જળસાઈ, પોઢ્યા જુગજીવન મા,**
**બેઠાં અંતરિક્ષ આઈ, ખોળે રાખી તન મા. ૨૩**

હે મા ! જ્યારે નારાયણ સમુદ્રમાં પોઢેલ હતા ત્યારે પણ તું જ અંતરિક્ષમાં તેમના શરીરને ખોળામાં રાખી તેમનું રક્ષણ કરતી હતી.

**વ્યોમ વિમાનની વાટ, ઠાઠ ઠઠ્યો ઓછો મા,**
**ઘટઘટ સરખો ઘાટ, કાચ બન્યો કાચો મા. ૨૪**

હે મા ! આકાશમાં ઘણો ઠાઠ ભર્યો છે અને આ શરીરરૂપી કાચ ઘણો કાચો (ક્ષણભંગુર) બન્યો છે.

**અજ રજ ગુણ અવતાર, આકારે જાણી મા,**
**નિર્મિત હિત નર નાર, નખ શિખ નારાયણી મા. ૨૫**

હે નારાયણી ! સૃષ્ટિના ફળદાયક પ્રત્યેક અવતારે સ્ત્રી પુરુષોના સ્વરૂપે પગથી માથા સુધી આપ જ વસેલાં છો.

પનંગ પશુ પક્ષી, પૃથક પૃથક પ્રાણી મા,
યુગ યુગમાં ઝંખી, રૂપે રૂદ્રાણી મા. ૨૬

હે મા ! પશુ - પંખી બધાં જુદા-જુદા પ્રાણીઓમાં યુગે-યુગે તું જ રૂદ્રાણી રૂપે છે.

ચક્ષુ મધ્યે ચૈતન્ય, વચ આસન ટીકી મા,
જણાવવા જન મન, મધ્ય માતા કીકી મા. ૨૭

હે મા ! આંખની વચોવચ રહેલી ચેતન સ્વરૂપ કીકી દ્વારા બધું દેખાય છે. તેમ માણસના મનમાં તું માર્ગદર્શક કીકી રૂપે રહેલી છે.

અન્નચર તૃણચર વાયુ, ચર વારી ચરતા મા,
ઉદર ઉદર ભરી આયુ, તું ભવની ભરતા મા. ૨૮

હે મા ! અન્ન ખાઈ જીવનાર તૃણચર, વાયુચર, જળચર વગેરે જીવોનું તું જ ભરણ પોષણ કરનારી છે.

રજો તમોને સત્વ, ત્રિગુણાત્મક ત્રાતા મા,
ત્રિભુવન તારણ તત્ત્વ, જગત તણી જાયા મા. ૨૯

હે મા ! તમે સત્વ, રજ અને તમ ત્રણ ગુણરૂપ ત્રિગુણાત્મક છો અને એટલે જ ત્રણે ભુવનોમાં તારણહાર તત્વરૂપે આપ જ છો.

જ્યાં જયમ ત્યાં ત્યમ રૂપ, તેજ ધર્યુ સઘળે મા,
કોટિ કરે જપ ધૂપ, કોઈ તુજને ન કળે મા. ૩૦

હે મા ! જ્યારે જ્યાં જરૂર હોય તેવું રૂપ ધારણ કરી તમોએ ભક્તોનાં દુઃખ હર્યા છે. કોટિ, જપ કે ધૂપ ધ્યાન કરી કોઈ તમને કળી શકતું નથી.

## • દેવી મહાત્મ્ય વર્ણન •

**મેરૂ શિખર મહીં માંહ્ય, ધોળાગઢ પાસે મા,**
**બાળી બહુચર આઈ, આદ્ય વસે વાસો મા. ૩૧**

હે બાળી બહુચર મા ! આપ પૃથ્વી પર કૈલાસ પર્વતની પાસે આવેલા મેરૂ પર્વત પર આદિકાળથી નિવાસ કરો છો. (ધોળાગઢ કૈલાસ પર્વત પાસે મેરૂ પર્વત સુવર્ણમય છે. જ્યાં મા બહુચરા પાર્વતી રૂપે બિરાજેલાં છે.)

**ન લહે બ્રહ્મા ભેદ, ગુહ્ય ગતિ તાહરી મા,**
**વાણી વખાણે વેદ, શી મતિ માહરી મા. ૩૨**

હે મા ! બ્રહ્માજી પણ આપની ગુહ્ય ગતિ પામી શક્યા નથી એવી તારી અકળ ગતિ છે. ચારે વેદ તમારા વખાણ કરે છે ત્યાં મારી શું બુદ્ધિ ?

**વિષ્ણુ વિમાસી મન, ધન્ય એમ ઉચ્ચરિયા મા,**
**અવર ન તુજ થી અન્ય, બાળી બહુચરિયા મા. ૩૩**

હે મા ! ભગવાન વિષ્ણુએ આપની શક્તિ જાણી ધન્ય ધન્ય બોલી અને જગતમાં તમારાથી બીજું કોઈ શક્તિમાન નથી એમ કહેલું છે.

**માને મન માહેશ, માત મયા કીધે મા,**
**જાણે સુરપતિ શેષ, સહુ તારે લીધે મા. ૩૪**

હે મા ! ભગવાન શંકર પણ આપની લીલા સમજી માન આપતા હતા તેમજ દેવરાજ ઈન્દ્રની સત્તા અને શેષનાગનું પૃથ્વી ધારણ કરવાનું સામર્થ્ય આપને લીધે જ છે.

સહસ્ત્ર ફણાધર શેષ, શકિત સબળ સાધી મા,
નામ ધર્યું નાગેશ, કીર્તિ તો વાધી મા. ૩૫

હે મા ! હજાર ફણાવાળા શેષનાગે પણ આપની ભક્તિથી શક્તિ મેળવી ત્યારે જ નાગેશની પદવી અને કીર્તિ મેળવી છે.

## • અવતારોમાં માની પ્રગટ શક્તિ •

મચ્છ કચ્છ વારાહ, નરસિંહ વામન થઈ મા,
એ અવતારો તારાય, તે તુંજ માહાત્મ્ય મઈ મા. ૩૬

હે મા ! મચ્છાવતાર, કચ્છાવતાર, વારાહાવતાર, નૃસિંહાવતાર વગેરે સ્વરૂપો ધારણ કરી તેં જ ભક્તો ની લાજ રાખી તે તારું જ માહાત્મ્ય છે.

પરશુરામ શ્રી રામ, રામ બળી બળજે મા,
બુધ્ધ કલંકી નામ, દશવિધ ધારી દેહ મા. ૩૭

હે મા ! પરશુરામ અને મહાબલિ શ્રી રામમાં પણ શક્તિ રૂપે તમે જ હતાં તેમજ ગૌતમ બુદ્ધ અને કલકી રૂપે દશવિધ અવતાર રૂપે તું જ છે.

મધ્ય મથુરાથી બાળ, ગોકુળ તો પહોંચ્યુ મા,
તેં નાખી મોહજાળ, બીજું કોઈ ન્હોતું મા. ૩૮

હે મા ! મથુરાના મધ્યમાં આવેલ કંસના કારાગૃહમાંથી બાળકૃષ્ણને ગોકુળ પહોંચાડનાર તું જ હતી એ તારી માયાનું પરિણામ હતું.

કૃષ્ણ કૃષ્ણ અવતાર, કળી કારણ કીધું મા,
ભકિત મુકિત દાતાર, થઈ દર્શન દીધું મા. ૩૯

હે મા ! કળીયુગમાં ભક્તોના ઉદ્ધાર માટે અને ભક્તિ તેમજ મુક્તિ અપાવનાર શ્યામ કૃષ્ણના અવતારના દર્શન કરાવનાર તુંજ હતી.

વ્યંઢળ નપુંસક નાર, નહિ પુરુષાં પાખું મા,
એ આશ્ચર્ય સંસાર, શ્રુતિ સ્મૃતિએ ભાખું મા. ૪૦

હે મા ! વ્યંઢળને સ્ત્રીત્વ અને પુરુષપણું (મિશ્રરૂપ) એ નવાઇ સંસારમાં વેદ અને સ્મૃતિ (પુરાણ)માં વર્ણવેલ છે.

જાણી વ્યંઢળ કાય, જગમાં અણજુગતી મા,
માત મોટે મહિમાય, ઈન્દ્ર કથે યુક્તિ મા. ૪૧

હે મા ! વ્યંઢળ શરીર નકળું છે. (અળખામણું) છતાં ઈન્દ્રએ યુક્તિથી અર્જુનને શાપ વિમોચન કરાવેલ તે તમારી જ માયા છે.

મેરામણ મથમેર, કીધો રવૈયો સ્થિર મા,
આકર્ષણ એક તેર, વાસુકિના નેતર મા. ૪૨

હે મા ! સમુદ્રમંથન વખતે મેરૂ પર્વતને રવૈયા રૂપે સ્થિર કરી વાસુકિ નાગના નેતરાં બનાવી ચૌદ રત્નો આપે જ કાઢ્યા હતા.

સુર સંકટ હરનાર, સેવકને સન્મુખ મા,
અવિગત અગમ અપાર, આનંદો અધિ સુખ મા. ૪૩

હે મા ! સમુદ્ર મંથન પછી દેવોનાં દુ:ખ હરવા આપ જ સન્મુખ રહ્યા. આવી અગમ્ય અપાર લીલા જાણી સેવકને અધિક આનંદ અને સુખ થયા.

સમકાદિક મુનિ સાથ, સેવી વિવિધ વિધે મા,
આરાધી નવનાથ, ચોરાસી સિધ્ધે મા. ૪૪

હે મા ! બ્રહ્માજી ના ચાર પુત્ર સનકાદિક વગેરેએ આપની ભક્તિ કરી નવનાથ મહાત્માઓએ અંતે ચોર્યાસી સિદ્ધિઓ આપની ઉપાસના દ્વારા મેળવેલ છે.

**આવી અયોધ્યા ઈશ, નામી શીશ વળ્યાં મા,**
**દશ મસ્તક ભુજ વીસ, છેદી સીતા મળ્યાં મા. ૪૫**

હે મા ! અયોધ્યાપતિ શ્રી રામે આપના ચરણોમાં શીશ નમાવી પ્રાર્થના કરી અને તમારી કૃપાથી જ વીસ ભુજા અને દશશીશવાળા રાવણનો સંહાર કરી સીતાજીને મેળવ્યાં.

**નૃપ ભીમકની કુમારી, તમ પૂજ્યે પામી મા,**
**રૂક્ષ્મણી રમણ મોરાર, મન ગમતો સ્વામી મા. ૪૬**

હે મા ! ભીમક રાજાની પુત્રી રૂમણીજીએ આપના પૂજન વડે મન માન્ય પતિ શ્રી કૃષ્ણને પ્રાપ્ત કર્યા હતા.

**રાખ્યા પાંડુ કુમાર, છાના સ્ત્રી સંગે મા,**
**સંવત્સર એક બાર, વામ્યા તમ અંગે મા. ૪૭**

હે મા ! પાંડુ પુત્રો (પાંડવો) ને દ્રૌપદી સાથે વનવાસ પછીના તેરમા વર્ષે તમે જ ગુપ્ત રાખી રક્ષણ કરેલું હતું.

**બાંધ્યો તન પ્રદ્યુમન, છુટે નહિ કોઈથી મા,**
**સમરી પુરી શંખલ, ગયો કારાગૃહેથી મા. ૪૮**

હે મા ! જ્યારે પદ્યુમન પુત્ર અનિરૂદ્ધને બાણાસુરે જેલમાં પૂર્યો હતો ત્યારે (શંખલપુર બિરાજેલા) આપનું સ્મરણ કરતાં તે કેદમાંથી મુક્ત થયેલો.

**વેદ પુરાણ પ્રમાણ, શાસ્ત્ર સકળ સાખી મા,**
**શક્તિ સકળ મંડાણ, સર્વ રહ્યા રાખી મા. ૪૯**

હે મા ! વેદ-પુરાણ અને તમામ શાસ્ત્રો સૃષ્ટિની શરૂઆતથી સર્વ સ્વરૂપે આપનો મહિમા વર્ણવે છે.

જ્યાં જ્યાં જુગતે જોઈ, ત્યાં ત્યાં તું તેવી મા,
સમ વિભ્રમ મતિ ખોઈ, કહીં ન શકું કેવી મા. ૫૦

હે મા ! ચૌદે ભુવનોમાં જ્યાં જ્યાં જેવું રૂપ દ્રષ્ટિગોચર થયું ત્યાં ત્યાં તું તે સ્વરૂપે દેખાઈ તેથી આપનું વાસ્તવિક સ્વરૂપ વર્ણવી શકું તેમ નથી.

## • સર્વ વ્યાપક શક્તિ •

ભૂત ભવિષ્ય વર્તમાન, ભગવતી તું ભવની મા,
આદ્ય મધ્ય અવસાન, આકાશે અવની મા. ૫૧

હે મા ભગવતી ! આ સંસારમાં ભૂત - ભવિષ્ય અને વર્તમાન તું જ છે. આદિ-મધ્ય અને અંતકાળે (પ્રલયકાળે) તેમજ આકાશ અને પૃથ્વીમાં તું સર્વ વ્યાપ્ત છે.

તિમિર હરણ શશીસૂર, તે તારો ધોખો મા,
અમિ અગ્નિ ભરપૂર, થઈ શોખો પોખો મા. ૫૨

હે મા ! અંધકારનો નાશ કરનાર અને રસ-કસનું પોષણ અને શોષણ કરનાર શીતળ ચંદ્ર તથા અગ્નિની જ્વાળાથી ભરપૂર સૂર્ય તે પણ તારી જ માયા છે.

ષટ ઋતુ ષટ રસ માસ, દ્વાદશ પ્રતિબંધે મા,
અંધકાર ઉજાસ, અનુક્રમ અનુસંધે મા. ૫૩

હે મા ! બાર માસથી બંધાયેલી છ ઋતુઓ અને (મધુર-ખાટો-તીખો-તુરો-કડવો-ખારો) જેવા છ રસ તેમજ અનુક્રમ પ્રમાણે (વારાફરતી) અંધકાર અને પ્રકાશ તે તારો જ મહિમા છે.

**ધરતી તું ધન ધાન્ય, ધ્યાન ધરે નાવે મા,**
**પાલણ પ્રજા પર્જન્ય, અણચિંતવે આવે મા. ૫૪**

હે મા ! ધ્યાન ધરવા માત્રથી આપ પધારતાં નથી. પણ જેમ પ્રજાના પાલન માટે ધરતીને ધન-ધાન્યથી ભરી દેવા માટે પર્જન્ય (વરસાદ) અણધાર્યો આવે છે તેમ આપ પણ લોકોના કલ્યાણ માટે પધારો છો.

**સકળ શ્રેષ્ઠ સુખદાઈ, પય દધી ધૃત માંહે મા,**
**સર્વે રસ સરસાઈ, તુજ વિણ નહિ કાંઈ મા. ૫૫**

હે મા ! સર્વ સિદ્ધિઓમાં દૂધ-દહીં-ઘી માં અને સર્વે રસોમાં સરસતા આપજ છો. આપના વિના સંસારમાં સરસતા જ નથી.

**સુખ દુખ બે સંસાર, તારા ઉપજાવ્યા મા,**
**બુધ્ધિ બળ ને બલિહાર, ઘણું ડાહ્યા વાહ્યાં મા. ૫૬**

હે મા ! આ સંસારના સુખ, દુઃખ આપે જ નિપજાવ્યાં છે. સંસારમાં ઘણાં સફળ (ડાહ્યાં-ડમરાં) ગણાતાં બુદ્ધિ અને બળનું સર્જન પણ આપને જ આધારિત છે.

**ક્ષુધા તૃષા નિદ્રાય, લઘુયૌવન વૃધ્ધા મા,**
**શાંતિ શૌર્ય ક્ષમાય, તું સઘળે શ્રધ્ધા મા. ૫૭**

હે મા ! ભૂખ-તરસ-નિદ્રા-યૌવન-વૃદ્ધત્વ, શાંતિ-પરાક્રમ-ક્ષમા અને શ્રદ્ધા રૂપે આપ સર્વમાં છો.

**કામ ક્રોધ મોહ લોભ, મદ મત્સર મમતા મા,**
**તૃષ્ણા સ્થિર થઈ ક્ષોભ, શાંતિને સમતા મા. ૫૮**

હે મા ! કામ-ક્રોધ-મોહ-લોભ-મદ-ઈર્ષ્યા-મમતા-તૃષ્ણા-સ્થિરતા-ક્ષોભ-શૌર્ય-ધીરજ અને સમતા રૂપે આપ સર્વમાં રહેલાં છો.

ધર્મ અર્થ ને કામ, મોક્ષ તું મંમાયા મા,
વિશ્વ તણો વિશ્રામ, ઉર અંતર છાયા મા. ૫૯

હે જગત જનની ! ધર્મ, અર્થ, કામ અને મોક્ષ રૂપે તું જ છે. આપ પ્રાણીમાત્રના હૃદય કમળમાં પ્રવર્તમાન થઈ જગતમાં વિશ્રામ રૂપે વ્યાપી રહેલાં છો.

ઉદે ઉદારણ અસ્ત, આદ્ય અનાદેની મા,
ભાષા ભૂર સમસ્ત, વાક્ય વિવાદેની મા. ૬૦

હે મા ! ઉદય અને અસ્તકાળમાં આપ જ અનાદિ કાળથી છો. પૃથ્વી પરની સમસ્ત ભાષા અને વાણી વિલાસમાં પણ તું જ વ્યાપેલી છે.

હર્ષ હાસ્ય ઉપહાસ્ય, કાવ્ય કવિત વિત તું મા,
ભાવ ભેદ નિજ ભાસ્ય, ભ્રાંત ભલે ચિત તું મા. ૬૧

હે મા ! હર્ષ હાસ્ય, મશ્કરી અને કાવ્ય તેમજ કવિત્વ રૂપે આપ જ છો. તેમજ નાના ભાવ-વિભાવ સાહિત્ય વિસ્તાર રસ-રસાભાવ રૂપે તુંજ વ્યાપી રહેલ છે.

ગીત નૃત્ય વાજિંત્ર, તાલ તાન માને મા
વાણી વિવિધ વિચિત્ર, ગુણ અગણિત ગાને મા. ૬૨

હે મા ! ગીત-નૃત્ય અને વાજિંત્રના તાલ તથા આરોહ-અવરોહ, વિવિધ વાણી અને વર્ણન એ પણ આપની શક્તિનો પ્રતાપ છે.

રતિ રસ વિવિધ વિલાસ, આશ સકળ જગની મા,
તન મન મધ્યે વાસ, મહંમાયા મગની મા. ૬૩

હે મા ! જગતના અનેક વિલાસો વચ્ચે આપ જ આશા રૂપે રહેલાં છો અને પ્રાણીમાત્રનાં શરીર અને મનની અંદર તમે જ એકાગ્ર(મગ્ન) થઈને રહેલાં છો.

જાણે અજાણે જગત, બે બાધા જાણે મા,
જીવ સકળ આસક્ત, સહુ સરખું માણે મા. ૬૪

હે મા ! આ સંસાર જન્મ-મરણ રૂપે બે મહા દુઃખોને જાણે છે છતાં જાણે-અજાણે બધાં પ્રાણીઓ તેમાં આશક્ત રહે છે અને સહુ મિથ્યા મોહમાં રચ્યાં-પચ્યાં રહે છે તે તારો પ્રતાપ છે.

વિવિધ ભોગ મરજાદ, જગ દાખ્યું ચાખ્યું મા,
ગરથ સુણતાં તે સ્વાદ, પદ પોતે રાખ્યું મા. ૬૫

હે મા ! જગતના વિવિધ ભોગ મર્યાદામાં રહીને જ ભોગવી શકાય છે પરંતુ તેના સરસ સ્વાદ જાણવા આપને આધિન છે.

જડ થડ શાખા પત્ર, પુષ્પ ફળે ફળતી મા,
પરમાણુ એક માત્ર, ઈતિ વાસર ચળતી મા. ૬૬

હે મા ! આપ જળ, સ્થળ ડાળી, પત્ર, ફૂલ અને ફળમાં વિચરો છો અને ફળો રસદાર બને તે આપની કૃપાનું જ ફળ છે.

નિપટ અટપટી વાત, નામ કહું કોનું મા,
સરજી સાતે ધાત, માત અધિક સોનું મા. ૬૭

હે મા ! કોણ મોટું એ વાત અટપટી છે. પણ આપે સાતે ધાતુઓનું સર્જન કરેલું છે. તેમાં સોનું કિંમતી ગણાય છે. તો આપ જ છો.

રત્નમણિ માણેક, નંગ મંગિયા મુક્તા મા,
આભા અધિક અટંક, અન્ય ન સંયુક્તા મા. ૬૮

હે મા ! રત્ન મણિ માણેક નંગ મંગિયા (હીરા) અને મોતી એમાં જે નિષ્કલંક અધિક તેજ છે તે બીજા કોઈનું નહિ પણ આપનું જ તેજ છે.

**નીલ પીત આરક્ત, શ્યામ શ્વેત સરખી મા,**
**ઉભય વ્યક્ત અવ્યક્ત, જગત જને નીરખી મા. ૬૯**

હે મા ! ગોચર કે અગોચર એમ બન્ને પ્રકારના જગતમાં વાદળી, પીળો, લાલ, શ્યામ, સફેદ જેવા જે રંગો દેખાય છે તે તારો જ મહિમા છે.

**નગજે અધિકુળ આઠ, હિમાચલ આધે મા,**
**પવન ગવન ઠઠી ઠાઠ, તું રચિતા સાધ્યે મા. ૭૦**

હે મા ! હિમાચલ વગેરે આઠ પર્વતો છે તથા પર્વત અને આકાશના જે ઠાઠ (શોભા) છે. તે તારાથી રચાયેલા છે.

**વાપી કૂપ તળાવ, તું સરિતા સિંધુ મા,**
**જળ તારણ જયમ નાવ, ત્યમ તારણ બંધુ મા. ૭૧**

હે મા ! વાવડી, કૂવા, તળાવ, નદીઓ અને મહાસાગરો રૂપે તું જ વ્યક્ત થાય છે. વળી જેમ પાણીમાં નાવ પાર ઉતારે છે તેમ સંસાર સાગરને પાર કરાવનાર શ્રેષ્ઠ સહાયક પણ તું જ છે.

**વનસ્પતિ ભાર અઢાર, ભૂ ઉપર ઉભા મા,**
**ફ્ત ફ્ત તું કિરતાર, કોશવિદ્યા કુંભા મા. ૭૨**

હે મા ! પૃથ્વી ઉપર અઢાર ભાર વનસ્પતિ છે તેમાં પણ આપની સર્જનશક્તિ સમાયેલી છે.

**જડ ચૈતન્ય અભિધાન, અંશ અંશ ધારી મા,**
**માનવ મોટે માન, તે કરણી તારી મા. ૭૩**

હે મા ! જડ ચેતનના અંશ-અંશ એ આપની જ લીલા છે. માનવીમાં ચૈતન્ય રૂપ જ્ઞાન એ તારું જ કૃત્ય છે. (તારી લીલા અપરંપાર છે.)

વર્ણ ચાર નિજ કર્મ, ધર્મ સહિત સ્થાપી મા,
બેને બાર અપર્મ, અનુચર વર આપી મા. ૭૪

હે મા ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એમ ચારે વર્ણોની સ્થાપના તેમના કર્મ અને ગુણ પ્રમાણે જ કરેલી છે અને તમે જ તેમને ચૌદ ઈન્દ્રિયો સાધન તરીકે કરી આપેલ છે.

વાડવ વન્હિ નિવાસ, મુખ માતા પોતે મા,
તૃપ્તે તૃપ્તે ગ્રાસ, માત જગન્ન જોતે મા. ૭૫

હે મા ! બ્રાહ્મણ અને અગ્નિના મુખમાં આપનો જ વાસ છે. બન્નેમાં ભોજન અથવા આહુતિ આપવાથી આપ જગતમાં આશા પૂર્ણ કરો છો.

લક્ષ ચોર્યાસી જંત, સહુ તારા કીધા મા,
આણ્યો અસુરનો અંત, દંડ ભલા દીધા મા. ૭૬

હે મા ! ચોર્યાસી લાખ જીવયોનિની ઉત્પતિ તારી માયાનો પ્રભાવ છે. આપે આસુરી વૃત્તિ (અધર્મ) નો અંત આણી સારી શિક્ષા કરી.

દુષ્ટ દમ્યા કંઈ વાર, દારૂણ દુઃખ દેતા મા,
દૈત્ય કર્યા સંહાર, ભાગ યજ્ઞ લેતા મા. ૭૭

હે મા ! સજ્જનોને દુઃખ આપનાર દૈત્યોનો આપે અનેકવાર સંહાર કર્યો છે અને યજ્ઞોમાં વિઘ્ન નાખનાર રાક્ષસોનો આપે જ વિનાશ કર્યો છે.

## • બહુચરાજીનું પ્રાગટ્ય •

શુધ્ધ કરણ સંસાર, કર ત્રિશૂળ લીધું મા,
ભૂમિ તણો શિરભાર, હરવા મન કીધું મા. ૭૮

હે મા ! આ સંસારને આસુરી વૃત્તિ (અધર્મ)થી મુક્ત કરવા માટે અને ભૂમિનો ભાર હળવો કરવા આપે હાથમાં ત્રિશૂળ ધારણ કરેલ છે.

બહુચર બુધ્ધિ ઉદાર, ખળખોળી ખાવા મા,
સંત કરણ ભવ પાર, સાધ્ય કરે સહાવા મા. ૭૯

હે મા ! દુષ્ટોનો ખોળી-ખોળી નાશ કરવા માંડ્યો અને સજ્જનોને સંસાર સાગરમાંથી પાર કરવા માટે આપે ખૂબ ઉદારતા દાખવી છે.

અધમ ઓધારણ હાર, આસનથી ઉઠી મા,
રાખણ યુગ વ્યવહાર, બધ્ય બાંધી મૂઠી મા. ૮૦

હે મા ! અધમ માણસોનો ઉદ્ધાર કરવા જગતનો વ્યવહાર રાખવા માટે તું મૂઠ્ઠીવાળીને આસન ઉપરથી ઊભી થઈ.

આણી મન આનંદ, મા માંડે પગલાં મા,
તેજ કિરણ રવિ ચંદ્ર, દે નાના ડગલાં મા. ૮૧

હે મા ! આપે મનમાં આનંદ ધરી પૃથ્વી પર નાનાં ડગલાં ભર્યા અને આપના તેજ-કિરણથી સૂર્ય-ચંદ્રને પાવન કર્યા.

ભર્યા કદમ બે ચાર, મદમાતી મદભર મા,
મનમાં કરી વિચાર, તેડાવ્યો અનુચર મા. ૮૨

હે મા ! આપે આનંદવિભોર થઈને બે-ચાર ડગલાં ભરી આપના અનુચર (કુકડા) ને યાદ કરી બોલાવી લીધો.

કુરકુટ કરી આરોહ, કરૂણા કર ચાલી મા,
નખ પંખીમય મેલ્યોહ, પગ પૃથ્વી હાલી મા. ૮૩

હે દયાળી મા ! આપે કુકડા પર સવારી કરી અને કુકડાએ ચાલવાનું શરૂ કરતાં તેના નખના આઘાતથી પૃથ્વી હાલી ઊઠી.

**ઉડીને આકાશ, થઈ અદ્‌ભુત આવ્યો મા,**
**અધક્ષણમાં એક શ્વાસ, અવનીતળ લાગ્યો મા. ૮૪**

હે મા ! માયાવી રાક્ષસ (શુંભાસુર-દંઢાસુર) ઉડીને આકાશમાં રહી યુદ્ધ કરવા લાગ્યા. પરંતુ આપે અડધી ક્ષણમાં તેને શસ્ત્રોનો પ્રહાર કરી પૃથ્વી પર લાવી દીધો.

## • ગુજરાતમાં પ્રાગટ્ય •

**પાપી કરણ નિપાત, પૃથ્વી પડ માંહે મા,**
**ગોઠ્યું મન ગુજરાત, ભીલાં ભડ માંહે મા. ૮૫**

હે મા ! શુંભાદિ - રાક્ષસોનો સંહાર કર્યા પછી આપે આ પૃથ્વી ઉપર આવેલ ગુજરાતમાં ભીલાંભડ (ચુંવાળ) ભીલ ભરવાડ જેવી વસ્તી હતી તે પસંદ કર્યું.

**ભોળી ભવાની માય, ભાવ ભર્યા ભાલે મા,**
**કીધી ઘણી કૃપાય, ચુંવાળે આવી મા. ૮૬**

હે ભોળી ભવાની મા ! તેં ચુંવાળના (હાલ બહુચરાજી)ના ગોખ વિશે સ્થિર થવા વિચાર્યું તે અમારા પરની ઘણી કૃપા કહેવાય.

**નવખંડ ન્યારી નેટ નજર વજર પેઠી મા,**
**ત્રણ્ય ગામ તરભેટ, ઠેઠ્ય અડી બેઠી મા. ૮૭**

હે મા ! આપે નવે ખંડમાં ચારે તરફ દૃષ્ટિ ફેરવી જોઈ અને ત્રણ ગામ (શંખલપુર-કાલરી-ડેડાણા) ને ત્રિભેટ (કે જ્યાં ત્રણ ગામના રસ્તા મળતાં હતા) વરખડી નીચે સ્થિર થયાં.

**સેવક સારણ કાજ, શંખલપુર છેડે મા,**
**ઊઠ્યો એક અવાજ, ડેડાણા નેડે મા. ૮૮**

હે મા ! સેવકના કાર્યો માટે આપે ડેડાણા તરફના શંખલપુર (બહુચરાજી) પાદરમાં એક અણધાર્યો (ગેબી) અવાજ પેદા કર્યો.

**આવ્યા અશરણા શરણ, અતિ આનંદ ભર્યો મા,**
**ઉદિત મુદિત રવિ કિર્ણ, દશ દિશ યશ પ્રસર્યો મા. ૮૯**

હે મા ! અશરણને શરણે રાખનારાં (નોધારાનાં આધાર) અને ઘણા હર્ષ ભરેલાં જગદંબા આવ્યા છે. આનંદ રૂપ પ્રકાશ સૂર્યના કિરણોની જેમ દશે દિશામાં પ્રસર્યા.

**સકળ સમય જગ માત, બેઠાં ચિત્ત સ્થિર થઈ મા,**
**વસુધા મધ્ય વિખ્યાત, વાત વાયુ વિધ ગઈ મા. ૯૦**

હે મા ! આપ સ્થિર આસન કરી બિરાજ્યાં છો તે વાત વાયુવેગે સમગ્ર જગતમાં પ્રસરી ગઈ.

**જાણે સહુ જગ જોર, જગ જનની જોખે મા,**
**અધિક ઉડાડ્યો શોર, વાસ કરી ગોખે મા. ૯૧**

હે જગત જનની મા ! અસુરોના સંહાર માટે અહીં પધારી તમે ચાચર ચોકના ગોખમાં બિરાજ્યાં છો તે વાત જોરજોરથી સૌ લોકોએ જાણી.

**ચાર ખૂંટ ચોખાણ, ચર્ચા એ ચાલી મા,**
**જન જન પ્રતિ મુખ, વાણ્ય, બહુચર બિરદાળી મા. ૯૨**

હે મા ! જગતના ચારે ખૂણે વાત ચાલી કે આપે લોકો પર દયા કરી (બિરદાળી) ઘણા રાક્ષસોનો સંહાર કર્યો તેથી (બહુન્ રાક્ષસાન્ ચરતિ - સંહરતિ ઈતિ) આપનું નામ બહુચર પડ્યું છે.

**ઉદો ઉદો જયકાર, કીધો નવખંડે મા,**
**મંગળ વરત્યા ચાર, ચૌદે બ્રહ્માંડે મા. ૯૩**

હે મા ! આપ ગોખમાં બિરાજમાન થતાં ચૌદે લોકમાં આપનો જય-જયકાર થયો. ચાર મંગળ વર્તાર્યા. (આનંદની રેલમછેલ થઈ.)

**ગાજ્યા સાગર સાત, દૂધે મેહ ઉઠ્યા મા,**
**અધમ અધર્મ ઉત્પાત, તે કીધા જુઠ્ઠા મા. ૯૪**

હે મા ! સાતે સમુદ્રોમાં આનંદની ગર્જના થવા લાગી. દૂધના વરસાદ વરસ્યા અને અધર્મના ઉત્પાત (દુષ્ટોના કારસ્તાન) હેઠાં પડ્યાં.

**હરખ્યાં સુરનર નાર, મુખ જોઈ માતાનું મા,**
**અવલોકી અનુરાગ, મુનિ મન સરખાનું મા. ૯૫**

હે મા ! આપના પ્રાદુર્ભાવથી આપનું વાત્સલ્યપૂર્ણ મુખારવિંદ જોતાં સૌ નરનારી અને દેવલોકો (દેવ, યક્ષ, ગાંધર્વ, કિન્નર) આનંદ પામ્યા અને ઋષિ મુનિઓનું મન પણ પ્રફુલ્લિત બન્યું.

**નવગ્રહ નમવા પાય, પાગ્ય પડી આવ્યા મા,**
**ઉપર ઉતરવા કાજ, મણિ મુક્તા લાવ્યા મા. ૯૬**

હે મા ! સૂર્ય ચંદ્ર વગેરે નવગ્રહો આપના ચરણોમાં પ્રણામ કરવા આવ્યા અને મણિ, મુક્તા (મોતી) વડે આપના ઓવારણાં લીધા.

**દશ દિશના દિગપાળ, દેખી દુઃખ વામ્યા મા,**
**જન્મ મરણ જંજાળ, જીતી સુખ પામ્યા મા. ૯૭**

હે મા ! દશે દિશાઓના દિગપાલો જગદંબા બહુચર ના દર્શન કરી જન્મ મરણ રૂપી માયા જાળનો નાશ થવાથી (વિજયથી) નિરંતર સુખ પામ્યા.

**ગુણ ગાંધર્વ યશગાન, નૃત્ય કરે રંભા મા,**
**સ્વર સુણતાં તે કાન, ગતિ થઈ ગઈ સ્થંભા મા. ૯૮**

હે મા ! ગાંધર્વોએ આપના યશોગાન એવાં ગાયા અને રંભા વગેરે અપ્સરાઓએ એવું નૃત્ય કર્યું કે તેનો સુંદર ધ્વનિ સાંભળી કર્ણેન્દ્રિય પણ સ્થિર થઈ ગઈ. (જેવું કે હવે આગળ વર્ણન થઈ શકતું નથી)

## • આનંદના ગરબાનું ફળ •

**ગુણનિધિ ગરબો જેહ બહુચર મા કેરો મા,**
**ધારે ધરીને દેહ, સફળ ફરે ફેરો મા. ૯૯**

હે મા ! ગુણોના સાગર રૂપ તારો આ ગરબો જે પ્રેમથી ગાશે તેનો આ શરીર ધારણ કર્યા રૂપ સંસારનો ફેરો સફળ થશે.

**પામે પદાસ્થ પાંચ, શ્રવણે સાંભળતાં મા,**
**ન આવે ઊની આંચ, દાવાનળ બળતાં મા. ૧૦૦**

હે મા ! તારા આ ગરબાનું પાન કરવાથી (પાઠ કરવાથી - સાંભળવાથી) જીવનમાં પાંચ પદાર્થને (રિધ્ધી-સિધ્ધી) પ્રાપ્ત કરશે. આ સંસારના દાવાનળની તેના ઉપર કાંઈ અસર થશે નહિ.

**શસ્ત્ર ન ભેદે અંગ, આદ્યશક્તિ રાખે મા,**
**નિત નિત નવલે રંગ, શમ દમ ક્રમ પાખે મા. ૧૦૧**

હે આદ્ય શક્તિ મા ! આપના આ ગરબાનો પાઠ કરનારને શસ્ત્ર અંગે અડકતું નથી અને નિત નિત કર્મ અને ધર્મના નવા રંગો દશ્યમાન થાય છે.

**જળ જે અનઘ અગાધ, ઊતારે બેડે મા,**
**ક્ષણ ક્ષણ નિશ દિન પ્રાત, ભવ સંકટ ફેડે મા. ૧૦૨**

હે મા ! આપના ગરબાના પ્રતાપે માણસ સંસારરૂપી સાગરને પાર ઉતારે છે. હંમેશા આ પાઠ કરનાર સંસારના જન્મ-મરણના સંકટથી મુક્ત બને છે.

ભૂત પ્રેત જાંબુક, વ્યંતર ડાકેણી મા,
ના આવે આડી અચૂક, શામા શાકેણી મા. ૧૦૩

હે ભૂતેશ્વરી મા ! આપના નામ સ્મરણ માત્રથી ભૂત-પ્રેત-જંબુક-વ્યંતર-ડાકણ આડાં ઉતરી શકતાં નથી. (એટલે કે કોઈ જાતની ખરાબ અસર કરી શકતા નથી.)

ચરણ કરણ ગતિ ભંગ, ખુંગ પુંગ વાળે મા,
ગુંગ મુંગ મુખ અંગ, અબધ બધી ટાળે મા. ૧૦૪

હે મા ! જે લૂલાં લંગડા અને મૂંગા ગુંગણા (તોતળાં) છે. તેઓની આધી વ્યાધી ઉપાધી આપની કૃપાથી દૂર થાય છે.

સેણ વિહોણાં નેણ, નેણાં તું આપે મા,
પુત્ર વિહોણાં કેણ, મેણા તું કાપે મા.૧૦૫

હે મા ! જે આંખે આંધળા છે તેમને તું આંખની જ્યોતિ આપે છે. જે વાંઝિયા (સંતાન વિહોણાં) છે તેમને સંતાન આપી તું તેમનું વાંઝીયા મેણું ટાળે છે.

કળી કલ્પતરૂ ઝાડ, જે જાણે તેને મા,
ભક્ત લડાવે લાડ, પાડ વિના કેને મા. ૧૦૬

હે મા ! જે આપને જાણે તેમને માટે તમે કલ્પતરૂ (ઈચ્છિત સિદ્ધિ આપનાર વૃક્ષ) સમાન છો. અને આપના ઉપકારો જાણીને ભક્તો આપની સ્તુતિ દ્વારા આપને લાડ લડાવે છે.

પ્રગટ પુરૂષ પુરુષાઈ, તું આલે પલમાં મા,
ઠાલે ઘેર ઠકરાઈ, ઘો દલ હલબલમાં મા. ૧૦૭

હે મા ! તારી ભક્તિથી શરીરમાં પુરુષાતન (પુરુષત્વપૌરુષ) ઉભરાઈ આવે છે અને જે નિર્ધન છે તેમને જમીન, જાગીર (ધન-દોલત) થોડી વારમાં આપનારી છે.

**નિર્ધનને ધન પાત્ર, તે કરતા તું છે મા,**
**રોગ, દોષ, દુઃખ માત્ર, તુ હરતા તું છે મા. ૧૦૮**

હે મા ! શરણે આવનાર નિર્ધનને ધનવાન કરો છો અને રોગીઓના રોગ અને દુઃખ હરી લો છો પછી બાકી શું રહે ?

**હય ગજ રથ સુખપાલ, આલ વિના અજરે મા,**
**બિરદે બહુચર બાળ, ન્યાલ કરો નજરે મા. ૧૦૯**

હે મા ! આપ ભક્તજનોને ઘોડા, હાથી, પાલખી વગેરે સાહ્યબી આપો છો. હે બાલા બહુચર મા ! આપની કૃપા દૃષ્ટિ પડતાં જ ભક્તો ન્યાલા-ન્યાલ થઈ જાય છે.

**ધર્મ ધજા ધન ધાન્ય, ન ટળે ધામ થકી મા,**
**મહિપતી મુખ દે માન્ય, માના નામ થકી મા. ૧૧૦**

હે મા ! આપના નામના પ્રતાપે પાઠ કરનારના ઘેર ધાર્મિક વાતાવરણ સંપત્તિ અન્ન વગેરે ખૂટતાં નથી તેમજ તેને રાજા (સરકાર) પણ માન આપે છે.

**નર નારી ધરી દેહ, હેતે જે ગાશે મા,**
**કુમતિ કર્મ કૃત ખેહ, થઈ ઊડી જાશે મા. ૧૧૧**

હે મા ! જે નર નારી હેતથી આપનો આ આનંદનો ગરબો ગાશે તેના પાપો બળીને ભસ્મ થઈ જશે. દુર્મતી (દુર્બુદ્ધિ) વિવિધ તાપો તત્કાળ નાશ પામશે.

**ભગવતી ગીત ચરિત્ર, જે સુણશે કાને મા,**
**થઈ કુળ સહિત પવિત્ર, ચઢશે વૈમાને મા. ૧૧૨**

હે મા ! તારું આ ગીત (ગરબો) જે કાનથી સાંભળશે તે પોતાના કુળ સાથે પવિત્ર થઈ મરણ પછી વિમાનમાં બેસી તારા ધામમાં (સ્વર્ગમાં) જશે.

## • મા બહુચર પ્રત્યે અનન્ય ભાવ •

**તુથી નથી કંઈ વસ્ત, જેથી તું તરપું મા,**
**પુરણ પ્રગટ પ્રશસ્ત, શી ઉપમા અરપું મા. ૧૧૩**

હે મા ! તારા વિના મારો બીજો કોઈ આધાર નથી. તેથી તારી ભક્તિ કરૂં છું. હે મા ! તું પૂર્ણ રૂપે પ્રકટ થઈ શોભી રહી છે. તેથી તને બીજી કઈ ઉપમા આપું.

**વારંવાર પ્રણામ, કરજોડી કીજે મા,**
**નિર્મળ નિશ્ચળ નામ, જનનીનું લીજે મા. ૧૧૪**

હે મા ! ક્ષણે ક્ષણે બે હાથ જોડી પ્રણામ કરું છું અને હે જનની ! આપનું પવિત્ર તેમજ સનાતન નામ (બાલા ત્રિપુરા સુંદરી બહુચરમા) રટું છું.

**નમો નમો જગ માત, સહસ્ત્ર નામ તારા મા,**
**માત તાત ને ભ્રાત, તું સર્વે મારા મા. ૧૧૫**

હે મા ભુવનેશ્વરી ! આપને પ્રણામ કરું છું. તારા હજારો નામ છ જગતમાં મારા મા-બાપ ભાઈ-બહેન સર્વ મને તું જ લાગે છે.

**સંવત શતદશ સાત, નવ ફાલ્ગુન સુદે મા,**
**તિથી તૃતીયા વિખ્યાત, શુભ વાસર બુધે મા. ૧૧૬**

હે મા ! આજે વિક્રમ સંવત ૧૭૦૯ ના ફાગણ સુદ (૩) ત્રીજને બુધવારે આપના આ આનંદના ગરબાનો પ્રાદુર્ભાવ (જન્મ) આપની આપેલ સિદ્ધ વાણીથી થયો છે.

રાજનગર નિજ ધામ, પુર નવિન મધ્યે મા,
આઈ આધ વિશ્રામ, જાણે જગ બધે મા. ૧૧૭

હે મા ! રાજનગર અમદાવાદ ખાતે નવિન પુરામાં આપે વિશ્રામ કરેલ છે અને મૂળ સ્થાન બહુચરાજી સાક્ષાત બિરાજમાન છો તેમ સૌ જગત જાણે છે.

કર દુર્લભ સુર્લભ, રહું છું છેવાડો મા,
કરજોડી વલ્લભ, કહે ભટ્ટ મેવાડો મા. (૩) ૧૧૮

હે મા ! ભટ્ટ મેવાડા જ્ઞાતિમાં જન્મેલ વલ્લભ ભટ્ટ (દાસ) આપને આટલું માંગું છું જે કાંઈ દુર્લભ છે (મળવું અશક્ય હોય) તે સુલભ બનાવવાનો અને કલ્યાણ કરી જગતને આનંદ આપશો એટલું માગું છું.

આઈ આજ મુને આનંદ, વાધ્યો અતિ ઘણો મા,
ગાવા ગરબા છંદ, બહુચર માત તણો મા.
અલવે આળ પંપાળ, અપેક્ષા આણી મા,
છો ઈચ્છા પ્રતિપાળ, દ્યો અમૃત વાણી મા.
સ્વર્ગ મૃત્યુ પાતાળ, વાસ સકળ તાહરો મા,
બાળ કરી સંભાળ, કર ઝાલો મારો મા. ૩

